# કોલેજના એ દિવસો અને નોટબુકનું છેલ્લું પાનું

કોલેજમાં વ્યાખ્યાન પૂરું થયું. હજુ પાંચસાત મિનિટ તાસ બદલવાની વાર હતી. નવી કોઈ ચોક્કસ બાબત પર તાલીમાર્થીઓનું ધ્યાન દોરવું હતું. તાલીમાર્થીઓને જણાવ્યું કે, તમારો ચોપડો-નોટબુક ખોલો. પોતપોતાના ચોપડા ખોલતા તાલીમાર્થીઓને જોયા. તો કેટલાક તાલીમાર્થીઓએ સીધું જ ચોપડાનું છેલ્લું પાનું ખોલ્યું અને પછી વર્ગખંડમાં પૂછ્યું કે, તમે તમારા ચોપડા –નોટબુકના છેલ્લા પાના પર શું લખો છો તે જણાવો અને પછી તો વર્ગખંડમાં ચાલી ચર્ચા છેલ્લા પાના પરના લખાણની અને છેલ્લા પાનાના મહત્વની. નોટબુકના છેલ્લા પેજ પર ટેલીફોન કે મોબાઈલ નબર હોય, કોઈનું સરનામું લખવું હોય તો સૌથી આદર્શ જગ્યા આ જ છે. અત્યારના વિદ્યાર્થીઓ આ પેજ પર શૂન્ય ચોકડી નામની રમત કે શબ્દભંડોળ માટેની રમતો ખાસ રમે છે, જયારે તેમને શિક્ષકના વ્યાખ્યાનમાં રસ ના હોય ત્યારે. બહેનો મહેંદીની જુદી જુદી ડીઝાઇન દોરે છે. જે બાબતો સામાન્ય હોય અને થોડા સમય કે દિવસ માટે યાદ રાખવાની હોય ત્યારે તે નોટબુકના છેલ્લા પેજ પર જ લખાય છે. પેન બગડી ગઈ હોય ત્યારે તે ચાલુ છે કે બંધ છે તે નક્કી કરવાની જગ્યા એટલે નોટબુકનું છેલ્લું પાનું. મિત્રો સાથે કે કોલેજની ફીનો હિસાબ કરવા માટેની આ વિશિષ્ટ જગ્યા છે. જોક્સ, સુવિચાર અને શાયરી વગરના આ પેજની કલ્પના મુશ્કેલ બની જાય છે. ફિલ્મના નામ કે ગીતોની પંક્તિઓથી આ પેજ હમેશ શોભતું હોય તેમ લાગે છે. આ પેજ પર લખવાના લખાણનું કોઈ બંધન નથી. ગમે તે વ્યક્તિ ગમે તે લખાણ લખી શકે છે, એવી સ્વતંત્રતા પૂરી પાડતું જો કોઈ એકમાત્ર પેજ હોય તો તે માત્ર આપની નોટબુકનું છેલ્લું પેજ છે. જ્યાં વિદ્યાર્થી પોતાના મનના ઉભરા ઠાલવે છે, પોતાની ઈચ્છા મુજબ લખી શકે છે. જે વિષયની નોટબુક હોય તે વિષય સિવાયના વિષયનું કોઇપણ લખાણ લખવાની છૂટ આપતું આ પેજ કેટલું ઉદાર છે એ તો વિચારો ! ચાલુ તાસમાં બાજુમાં બેઠેલ મિત્ર સાથે વાતચીત કરવા માટે મોબાઈલની ગરજ સારે છે. આ પેજ થકી જ પાસપાસે બેઠેલ બે વિદ્યાર્થી ચાલુ તાસમાં વાતચીત કરતા હોય છે, આવું નહિ કર્યું હોય તેવો કોઈ કોલેજીયન વિદ્યાર્થી હશે ? ચિત્ર વિષયમાં નાપાસ થતો વિદ્યાર્થી પણ અહી પોતાની કલ્પનાના ચિત્રો દોરી શકે છે અને નવી ડીઝાઇનનું સર્જન કરી શકે છે કે સારા કાર્ટૂનીસ્ટમાં જોવા મળતી પ્રતિભાના અહી દર્શન થાય છે. આમ નોટબુકનું છેલ્લું પાનું એ વ્યક્તિની એક બુક બની જાય છે. જે હોય છે નોટબુકનું માત્ર એક જ પાનું પણ એના વિષે લખવા બેસો તો આખી નોટબુક ભરાઈ જાય. આ પાનું જ એક એવું પાનું છે કે જે વિદ્યાર્થીને સતત સક્રિય રાખે છે અને વિદ્યાર્થીના સક્રિયતાના દર્શન કરાવે છે. આ પેજ પરથી ક્યારેક વિદ્યાર્થીના વ્યક્તિત્વનો ખ્યાલ આવે છે, તેની પસંદગી કે નાપસંદગી કે સ્વભાવ વિષે જાણી શકાય છે. આ ટેવ માત્ર વિદ્યાર્થી અવસ્થામાં જ જોવા મળે છે એવું નથી. આજે પણ આપણે આપણા ઘરમાં ટેલીફોનની ડાયરી જોઈએ કે અન્ય હિસાબની નોટબુક જોઈએ તો પણ આવું જ જોવા મળશે. ઓફિસમાં કામ કરતા કર્મચારી પણ આવું જ કશુક કરતા હશે.

નોટબુકના છેલ્લા પેજ પર લખાયેલ એક કવિતા ઈન્ટરનેટ પરથી મળી. જેનો ભાવાનુવાદ અહી રજૂ કરૂં છું. નોટબુકનું છેલ્લું પાનું એટલે જ્યાં હું છેકછાક કરતો હતો, આ એક એવી જગ્યા હતી કે જ્યાં મારી પેન કામ કરતી હતી અથવા તો અટકી જતી હતી., આ એક એવી જગ્યા હતી કે જ્યાં મેં મેળવેલ કુલ માર્કસના ટકા કાઢવા માટે હું ગણતરી કરતો હતો, નોટબુકનું છેલ્લું પાનું એટલે એક એવી જગ્યા કે જ્યાં હું રમત રમતો હતો, કશુક લખતો અને પછી તેને છેકી નાંખતો જેથી કોઈને ખબર ન પડી જાય. આ એક એવી જગ્યા હતી કે, જયારે શિક્ષકનું વ્યાખ્યાન કંટાળાજનક લાગે ત્યારે આ પેજ પર હું અને મારા મિત્ર લખીને વાતો કરતા હતાં. નોટબુકનું છેલ્લું પાનું એટલે જ્યાં હવે પછી આવનાર પરીક્ષાના અગત્યના અને મહત્વના પ્રશ્નો લખતો હતો. જ્યાં અમે અમારી મેડમનો રમૂજી ચહેરો દોરતા હતાં, અમારા શિક્ષક વિષે કાર્ટૂન બનાવતા હતા. આ એક એવી જગ્યા હતી કે જ્યાં હું મારી પસંદગીના ગીતની પંક્તિઓ લખતો હતો, આ પેજ પર હું અને મારો મિત્ર એવી રમત રમતા કે જેમાં ખરા કે ખોટાની નિશાની કરીને પોઈન્ટની ગણતરી કરતા હતા. મારી નોત્બુકનું છેલ્લું પાનું એ માત્ર એક પેજ જ નહતું, પણ મારા માટે એ ઘણું બધું હતું. જે એક કિમતી  ડાયરી હતી, જ્યાં અમારી કિશોરાવસ્થાનો ખજાનો ભરેલો હતો. હું મારી નોટબુકના છેલ્લા પાના પર નજર નાંખું તો તેમાં સમાયેલ દરેક બાબત પર એક વાર્તા કહી શકું તેમ છું. તે મને મારી ક્રોલેજના દિવસોની યાદ અપાવે છે. ખરેખર હું તે દિવસોને આજે પણ યાદ કરૂં છું.

આ પેજ પર લખેલી તમામ બાબતો ક્રમિક ના જ હોય, લખાણ ઊભું- આડું કે ત્રાંસુ હોય. આડા અવળું હોય, છતાં જયારે પણ માહિતી જોઈતી હોય તો તરત મળી જાય. એટલું જ નહિ ભરચક આ પેજમાં નવું લખવા માટેની જગ્યા પણ મળી જ જાય. નોટબુકનું પ્રથમ પેજ યાદ કરો અને છેલ્લું પેજ યાદ કરો. પ્રથમ પેજ મોટા ભાગે આપણે કોરું કશાજ લખાણ વિના છોડી દેતા હતાં, જયારે છેલ્લું પેજ ? આમ જોવા જઈએ તો ક્યાં પેજનું મહત્વ વધારે છે ? પ્રથમ પેજ કે છેલ્લું પેજ ?

આપનું ધ્યાન દોરૂં, આવું બધાએ કરેલું જ હશે, કોઈપણ બાકાત નહિ હોય એની ગેરંટી. પછી તે ભારતીય હોય કે પરદેશી હોય. દુનિયામાં ક્યાય પણ રહેતો હોય, તેણે પોતાની નોટબુકના છેલ્લા પેજ પર આવા પ્રકારની પ્રવૃત્તિ કરેલી જ હોય. તેમાંથી તમે કેવી રીતે બાકાત હોવ ? છતાં તમને એક બાબતની ખાસ નવી લાગશે કે, અત્યાર સુધી તમારું ધ્યાન શા માટે આ બાબત પર ન ગયું ? શા માટે ક્યારેય તમને તમારી નોટબુકના છેલ્લા પેજ વિષે વિચાર ના અઆવ્યો ?  આ લેખ વાંચતાં વાંચતાં આપ પણ તમારા શાળા કે કોલેજના દિવસોને યાદ કરવા લાગ્યા હશો જ, અરે, એટલું જ નહિ તમે પણ તમારી નોટબુકના છેલ્લા પાનાને યાદ કરવા લાગ્યા હશો. મનોમન હસવા પણ લાગ્યા હશો. કદાચ ઓફિસમાં જઈને મિત્રને પણ પૂછશો કે, અલ્યા તું નોટબુકના છેલ્લા પાના પર શું લખતો હતો. બન્ને હસતા હસતા ચર્ચા કરશો જ. નોટબુકનું છેલ્લું પાનું એ નોટબુકનો અને આપણા જીવનનો વિશિષ્ટ ભાગ બની જાય છે,

**<u>નોધ : લેખમાં ચિત્ર મૂકવા માટે ઈન્ટરનેટ પર 'Last page of notebook' લખીને સર્ચ કરશો તો છેલ્લા પેજના ઘણા ચિત્રો મળી જશે.</u>**